

"સ્વામિનારાયણ મહામંત્રનું
લેખન એ જ સાચું ગુરુપૂજન !"

સ્વામિશ્રીજી

# "જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે..."

૩૧ ડિસેમ્બર ૨૦૨૩ - 'સ્વામિનારાયણ' મહામંત્રના સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા ઉદ્‌ઘોષને ૨૨૨ વર્ષ થશે.

પરમ ગુરુદેવ શ્રી રામાનંદ સ્વામીજીના સ્વધામગમનને હજુ માંડ દસ દિવસો જ થયા હતા. સંતો, ભક્તો સહિત સમગ્ર સત્સંગ શોકમગ્ન હતો. તે અરસામાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ પ્રભુ ગામ ફણેણી પધાર્યા છે. વિક્રમ સંવત ૧૮૫૮ના માગશર માસના એકાદશીનો એ મંગલ દિવસ હતો. તારીખ હતી ૩૧ ડિસેમ્બર, ૧૮૦૧.

આ દિવસે અતિ કૃપા કરી મહાપ્રભુજી શ્રી સહજાનંદ સ્વામી મહારાજે ઉપસ્થિત સૌ સંતો, ભક્તોની સભામાં એક મહાપવિત્ર, અત્યંત શક્તિસંપન્ન, દિવ્ય મહામંત્રના ઉદ્‌ઘોષ કર્યા : **સ્વા મિ ના રા ય ણ** ! ષડાક્ષરી - છ અક્ષરનો આ દિવ્ય મહામંત્ર તે શુભ દિવસથી સંપ્રદાયનો મહામંત્ર છે ! પ્રત્યેક સાધુ-સત્સંગીના હૃદયધબકારે નિત્ય ગૂંજે છે.

સંપ્રદાયના ગ્રંથોમાં આલેખિત કથા અનુસાર ફણેણીની એ ઐતિહાસિક દિવ્ય મહામંત્ર ઉદ્‌ઘોષ સભામાં શ્રી શીતલદાસ નામના એક સત્સંગી પણ આવ્યા હતા. પરમ ગુરુદેવ શ્રી રામાનંદ સ્વામીના સ્વધામગમનથી અત્યંત વ્યથિત આ સત્સંગીએ શ્રીહરિના શ્રીમુખે ઉદ્‌ઘોષિત 'સ્વામિનારાયણ' મહામંત્રના બ્રહ્મનાદ સાંભળ્યા અને જેવા તેના પ્રતિઘોષ રૂપે 'ૐ સ્વામિનારાયણ' મહામંત્રના શુદ્ધ ઉચ્ચાર કર્યા ત્યાં તો મન શાંત થઈ ગયું, સઘળી વ્યથા અને પીડા શમી ગઈ, પરમ આનંદની અનુભૂતિ સાથે જાણે શ્રી શીતલદાસને સમાધિ અવસ્થાનાં સુખ - પરમ આનંદ પ્રાપ્ત થયાં !

તે ઘટના પછીના અનેક દશકો દરમિયાન અગણિત સાધુઓ, સત્સંગીઓ અને મુમુક્ષુઓના આવા જ અનુભવ રહ્યા છે.

ગોંડલ અક્ષરદેરીના શ્રી ચરણે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે 'સ્વામિનારાયણ' મહામંત્રનાં જાપ-ધૂન કર્યાં અને સૌ સંતો-સત્સંગીઓએ કર્યાં તો ગુરુદેવ યોગીજી મહારાજની આંગળીએ કરડેલા નાગનું ઝેર ઊતરી ગયું તે પ્રસંગ તો હજુ તાજેતરના જ ઈતિહાસનો છે. અને તે પછી ૧૯૫૨ની ત્રીજી ફેબ્રુઆરીએ એ જ ગોંડલ મહાતીર્થમાં ગુરુદેવ યોગીજી મહારાજના સંકલ્પ, પ્રાર્થનાથી 'સ્વામિનારાયણ' મહામંત્રનાં રટણ-જાપ કરતાં પરમ પૂજ્ય કાકાશ્રીને - ગુરુદેવ યોગીજી મહારાજના શબ્દોમાં કહીએ તો શ્રી ઘનશ્યામ 'મહારાજની મૂર્તિ સાથે લક્ષ્ય થઈ ગયો...', સમાધિ અવસ્થાની અનુપમ અનુભૂતિ થઈ.

સ્વયં સંતભગવંત સાહેબજીએ પણ પોતાના હૃદયની વાત પ્રગટ કરતાં કહ્યું છે, "સ્વામિનારાયણ મહામંત્રનું લેખન - એ જ સાચું ગુરુપૂજન !" વળી, સંતભગવંત સાહેબજીએ આ મહામંત્ર જાપ-ધૂનની શક્તિને અનેકગણી વધારવાનો સરળ ઉપાય પણ નિર્દેશિત કર્યો : નામીની સ્મૃતિ સહિત નામનું રટણ ! એટલે કે આપણને પ્રાપ્ત ભગવાનના તત્ત્વના ધારક, પ્રગટ ભગવાનના સ્વરૂપની, આપણા ગુરુહરિની સ્મૃતિ સહિત સ્વામિનારાયણ મહામંત્રનાં ધૂન-જાપ અત્યંત શક્તિશાળી થાય છે !

આવો, ગુરુહરિ સાહેબદાદાની સ્મૃતિ કરતાં કરતાં મહામંત્રના જાપ કરીએ...

ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...!

~ સ્વા. મ...

~ સાધુ મનોજદાસ